©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] THURSDAY, JULY 16, 2026 / ASHADHA 25, 1948 [No. 29

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી જૂન, ૨૦૨૬

મહિલા અને બાળ વિકાસ વિભાગના તારીખ: ૯મી માર્ચ, ૨૦૨૬ના જાહેરનામા ક્રમાંક: જીડબલ્યુસી(૨)/૨૦૨૬ ડબલ્યુસીડીડી/ડીઆરએ/ ઈ-ફાઈલ/૨૩/૨૦૨૨/૧૫૭૫/બી૧.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

પરિમલ જોષી,

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

NOTIFICATION

Regarding

The Deputy Director, Class I, in the General State Service, under the Commissionerate of Women and Child Development Gujarat State, Recruitment Rules, 2025.

મહિલા અને બાળ વિકાસ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, નાયબ નિયામક, ૧, ભરતી નિયમો, ૨૦૨૫ સંબંધી

જાહેરનામું

મહિલા અને બાળ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી માર્ચ, ૨૦૨૬

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીડબલ્યુસી(૨)/૨૦૨૬/ડબલ્યુસીડીડી/ડીઆરએ/ઈ-ફાઈલ/૨૩/૨૦૨૨/૧૫૭૫/બી૧: ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, મહિલા અને બાળ વિકાસ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, નાયબ નિયામક, વર્ગ-૧ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે :-

૧. (૧) આ નિયમો મહિલા અને બાળ વિકાસ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, નાયબ નિયામક, વર્ગ-૧, ભરતી નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધની તારીખે અમલમાં આવશે.

૨. મહિલા અને બાળ વિકાસ આયુક્તની કચેરી (આઈસીડીએસ), ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, નાયબ નિયામક, વર્ગ-૧ની જગા પરની નિમણૂક, જેણે,-

(૧) મહિલા અને બાળ વિકાસ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, પ્રોગ્રામ અધિકારી/મદદનીશ નિયામક, વર્ગ-૧ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ કામ કર્યું હોય;

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરી હોય:

- તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭-માં ઠરાવ્યા પ્રમાણે, બઢતી માટે યોગ્ય ગણાવા માટે વિચારણાના ક્ષેત્રની અંદર, "ખૂબ સારા" - નો આધાર-ચિહ્ન ધરાવતી હોય તેવી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ, બઢતી માટે ઉપલભ્ય નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને, બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે.

૩. નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. યુ. ગોસાઈ,

સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જૂન, ૨૦૨૬

સામાન્ય વહીવટ વિભાગનું તારીખ: ૨૫મી એપ્રિલ, ૨૦૨૫નું જાહેરનામા ક્રમાંક: જીએસ/૨૦૨૫/૮/જીએડી/ઈઓસી/ઈ-ફાઈલ/૧/૨૦૨૩/ ૬૪૭૬/એસ.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

પરિમલ જોષી,

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

NOTIFICATION

Regarding

The Statistical Assistant, Class III, in the Directorate of Economics and Statistics, Recruitment Rules, 2025.

અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરીમાં, આંકડા મદદનીશ, વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૨૫ સંબંધી જાહેરનામું

સામાન્ય વહીવટ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી એપ્રિલ, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીએસ/૨૦૨૫/૮/જીએડી/ઈઓસી/ઈ-ફાઈલ/૧/૨૦૨૩/૬૪૩૬/એસ: ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરીની તાબાની સેવામાં, આંકડા મદદનીશ, વર્ગ-૩ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરીમાં, આંકડા મદદનીશ, વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરીની તાબાની સેવામાં, આંકડા મદદનીશ, વર્ગ-૩ની જગા પરની નિમણૂક, જેણે-

(ક) (૧) અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરીની તાબાની સેવામાં, કારકુન, વર્ગ-૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કર્યું હોય;

(૨) ઠરાવેલી ખાતાકીય પરીક્ષા પાસ કરી હોય; અને

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય;

તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, બઢતી માટે યોગ્ય ગણાવા માટે વિચારણાના ક્ષેત્રની અંદર, 'સારા'નો આધારચિહ્ન ધરાવતી હોય તેવી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે; તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. બઢતીથી અને સીધી પસંદગીથી કરવાની નિમણૂક અનુક્રમે ૧:૫ -ના પ્રમાણમાં કરવી જોઈશે.

૪. નિયમ-૨-ના પેટા-નિયમ (ખ)માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૭ વર્ષથી વધુ ઉમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઈ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી મુખ્ય વિષય તરીકે આંકડાશાસ્ત્ર અથવા પ્રયોજિત આંકડાશાસ્ત્ર (એપ્લાઇડ સ્ટેટિસ્ટિક્સ) અથવા ગાણિતિક આંકડાશાસ્ત્ર (મેથેમેટિકલ સ્ટેટિસ્ટિક્સ) અથવા વાણિજ્યિક આંકડાશાસ્ત્ર (બિઝનેસ સ્ટેટિસ્ટિક્સ) અથવા અર્થશાસ્ત્ર અથવા પ્રયોજિત અર્થશાસ્ત્ર (એપ્લાઇડ ઇકોનોમિક્સ) અથવા વાણિજ્યિક અર્થશાસ્ત્ર (બિઝનેસ ઇકોનોમિક્સ)

અથવા અર્થમિતિ (ઇકોનોમેટ્રિક્સ) અથવા ગણિતશાસ્ત્ર અથવા પ્રયોજિત ગણિતશાસ્ત્ર (એપ્લાઇડ મેથેમેટિક્સ) અથવા એડવાન્સ આંકડાશાસ્ત્ર (સ્ટેટિસ્ટિક્સ) સાથે અનુસ્નાતક પદવી અથવા સ્નાતક પદવી ધરાવતો હોવો જોઈશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૫. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ ક-ની જોગવાઈઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમ માટે અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

માયા એમ. ડાભી,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.07.17 14:46:49 IST